જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૭/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૭૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૩૯ લીટર દેશી દારૂ, ૧૦૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૭૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૭૩/૨૦૨૬**

દાણીલીમડાઃ જૈદ સાજીદભાઈ વડનગરવાલા (ઉ.વ.૨૫)(રહે.રોયલ ટાવર, ચોથો માળ છીપા હોલ આસ્ટોડીયા રોડ ગોળલીમડા) એ તા.૧૨/૦૭/૨૦૨૬ નાં રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૭/૨૦૨૬ બપોરના ૩/૦૦ થી તા.૦૯/૦૭/૨૦૨૬ બપોરના ૩/૦૦ વાગ્યા દરમ્યાન બેહરામપુરા શાહવાડી સુએઝ ફાર્મ પ્રીન્સ અગ્રવાલ એસ્ટેટ, અજમેરી ફાર્મનો ખાંચો “ઈન્ડીકા સ્કીન” ફેક્ટરીના મુખ્ય ગેઇટનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ફેક્ટરીમા પ્રવેશી કરી, કોટન કેમરીક કાપડ આશરે ૩૦૦૦ મીટર કિમત રૂપિયા ૧,૧૨,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.સોલંકી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૭૪/૨૦૨૬**

શાહપુરઃ રાજેશભાઇ સ/ઓ ગાંડાભાઇ દાતણીયા (ઉ.વ.૪૦)(રહે.જોગણી માતા ની ચાલી, શંકર ભુવનના છાપરા શાહપુર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૭/૨૦૨૬ ના કલાક ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની જાળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.જોટાણા ચલાવે છે.

વટવાઃ સુસ્મીતા ડો/ઓ રામસાગર શાહ (ઉ.વ.૩૫)(રહે. આરાધના સોસાયટી, ક્રિષ્ના પાર્ક–૦૨, પી.ડી પંડ્યા રોડ, વટવા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૬/૨૦૨૬ રાતના ૮/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે કોઇ જલદ પ્રવાહી પી લેતા સારવાર અર્થે એલ.જી હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૭/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.જાડેજા ચલાવે છે.

રામોલઃ અવધેષ સ/ઓફ બ્રિજબીહારી શુકલા (ઉ.વ.૨૮)(રહે. પુષ્પ રેસીડેન્સી–૦૧, વસ્ત્રાલ ચાર રસ્તા પાસે, વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૬ સવારના ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ગણપતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી